૧૩૧૨

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
ખાસ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

*****સ્પા/મસાજ પાર્લરો/કર્મચારીની માહિતી અંગેનું જાહેરનામું*****

*****ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) – ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ*****

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

ક્માંક: એસ.બી./૧૪/જાહેરનામું/ ૯૬૦૮ /૨૦૨૫

તા. ૨૨/૦૪/૨૦૨૫

રાજકોટ શહેરના રહેણાંક વિસ્તારમા તથા ઔદ્યોગીક વિસ્તારમા સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમા નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યપાર તથા અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાય આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાઇ આવેલ છે.

જેથી રાજકોટ શહેર વિસ્તારમાં સ્પા/મસાજના પાર્લરોની આડમાં ગુન્હાહિત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહિતી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) – ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૃધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) -૨૦૨૩ ની કલમ – ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરુ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલિકો અગરતો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમા કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ અંગે જે-તે પો.સ્ટે.ના પોલીસ સ્ટેશનના ઓફીસરે રજીસ્ટરનિભાવવાનું રહેશે.

| અ.નુ. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/ મસાજપાર્લર, એકમનું નામ,માલિક/સંચાલક નું નામ તથા સરનામું ટેલીફોન નંબર. | |
| ૨. | સ્પા/ મસાજપાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની)<br>(૧) જો તેઓ ભારતીય હોય.તો તેના ઓળખના પુરાવા જોડવા.<br>હાલનું સરનામું-<br>મુળ વતન નું સરનામું-<br>ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)<br>(૨) જો તેઓ વિદેશી હોય. તો.<br>- તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલા છે.તેની વિગતઃ-<br>હાલનું સરનામું-<br>ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)<br>[સ્પા/ મસાજપાર્લર ચલાવનાર/ સંચાલક નો પાસ પોર્ટ સાઇઝનો ફોટો.] [કામ કરતા કર્મચારી ઓનો પાસપોર્ટ સાઇઝ નો ફોટો.] [પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ]<br>સ્પા/ મસાજપાર્લર ચલાવનારની સહી કામ કરતા કર્મચારીની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ- | |
| 3. | :: નિયમો ::<br>૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>3. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે-તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાંચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજપાર્લર ચલાવનારે તેમનું ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઇલેક્શન કાર્ડ, રજુ કરવાના રહેશે. | |

૧૩૧૨

******* અમલવારીનો સમય *******

આ હુકમ તા.૦૧/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધીનો રહેશે.

******* અમલવારીનો વિસ્તાર *******

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

******* શિક્ષા *******

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) -૨૦૨૩ ની કલમ – ૨૨૩ શિક્ષાને પાત્ર થશે.

****** જાહેર વિજ્ઞપ્તિ ******

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ સોશ્યલ મીડીયા એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખઃ- ૨૨ /૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

નકલ સવિનય રવાનાઃ-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૦૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૦૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૦૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૦૫) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.
(૦૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૦૭) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૦૮) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૦૯) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, ક્રાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૧૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર
(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૩) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૪) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગાંધીનગર.
(૧૫) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૭) તમામ પો.સ્ટે. થાણા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર
(પાંચ નકલમાં નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રોને તથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)
(૨૦) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૨૧) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨૨) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૨૩) પો.ઇન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૪) એ.સી.પી.શ્રી, સાયબર ક્રાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૫) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)